

## ચિલોડા મોટા ખાતે શ્રી ૧૦૮ ઈશ્વરાનંદ મહારાજશ્રીના સાનિધ્યમાં સંત મેળાવડો યોજાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ખાતે ભક્તશ્રી ગોવિંદરામના નિવાસસ્થાને શ્રી ૧૦૮ ઈશ્વરાનંદ મહારાજના સાનિધ્યમાં સંત મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક કાર્યક્રમમાં ૩૫ સંતો-મહંતોનું ચિલોડા ચાર રસ્તાના મુખ્ય બજારમાં સામૈયા દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતુ. આ ધાર્મિક કાર્યક્રમમાં સંતો તથા ભાવિક ભક્તોજનોને ભોજન જમાડી તેમજ રાત્રે ભજન કિર્તનનો ભવ્ય કાર્યક્રમ દ્વારા સુંદર કાર્યક્રમનું આયોજન કર્યુ હતુ. જેમાં ભક્તજનોએ ભજન સત્સંગનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

# રાજ્યમાં કોરોનાના કેસ વધ્યા, નવા ૭૦ કેસ નોંધાયા

### હાલ રાજ્યમાં કુલ ૪૫૯ એક્ટિવ જે પૈકી ૮ નાગરિકો વેન્ટિલેટર પર છે, જ્યારે ૪૫૧ નાગરિકો સ્ટેબલ છે

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં કોરોનાના નવા કેસમાં આજે મોટો વિસ્ફોટ થયો છે. આજે રાજ્યમાં કોરોનાના નવા ૭૦ કેસ નોંધાતા ચકચાર મચી છે. તો બીજી તરફ ૨૮ દર્દી રિકવર પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૩૮૯ અત્યાર સુધીમાં કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ ૯૮.૭૩ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણ મુદ્દે પણ સરકાર મજબુતીથી આગળ વધી રહી છે. આજે કુલ રસીના ૩,૭૫,૮૮૮ ડોઝ આપવામાં આવ્યા હતા.

હાલ રાજ્યમાં કુલ ૪૫૯ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૮ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૪૫૧ નાગરિકો સ્ટેબલ છે. બીજી તરફ ૮,૧૭,૩૮૯ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૦૦૯૫ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતની વાત છે કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું.

ગુજરાતમાં આજના નવા કોરોના કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૧૩, જામનગર કોર્પોરેશનમાં ૧૦, સુરત કોર્પોરેશનમાં ૦૯, વડોદરા ૬, વડોદરા કોર્પોરેશન ૬, નવસારી ૫, વલસાડ ૫, આણંદ ૪, કચ્છ ૩, રાજકોટ કોર્પોરેશનમાં ૩, ભાવનગર કોર્પોરેશન ૨, ગાંધીનગર કોર્પોરેશન ૨, રાજકોટ ૧, તાપી ૧ આ પ્રકારે કુલ ૭૦ કેસ નોંધાયા છે.

રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૧૫ ને રસીનો પ્રથમ, ૧૬૪૮ વર્કરને રસીનો બીજો ડોઝ, ૪૫ વર્ષથી વધારે ઉંમરના ૧૨૦૪૮ નાગરિકોને રસીનો પ્રથમ, ૮૯૬૬૩ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૩૬૮૯૦ નાગરિકોને રસીનો પ્રથમ, ૨૩૫૬૨૪ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. આ પ્રકારે આજના દિવસમાં કુલ ૩,૭૫,૮૮૮ રસીના ડોઝ જ્યારે કુલ ૮,૪૨,૩૮,૧૬૮ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

# ગાંધીનગર ડેપોમાંથી પ્રતિદિન ૨૦ હજાર મુસાફરો સલામત સવારી નસીબ થાય છે

### ડેપો કક્ષાએથી શહેરી બસ સેવા અન્વયે ૯૦ બસો દોડવાય છે : ડેપોની પ્રતિદિન રૂ ૫.૫૦ લાખની આવક : જિલ્લાના અન્ય રૂટમાં એસ ટી બસ સેવાનો વ્યાપ વધારવા પ્રબળ માંગ

ગાંધીનગર તા ૯

ગાંધીનગર એસ ટી ડેપોની સલાતમ સવારીમાં પ્રતિદિન ૨૦ હજાર મુસાફરો સવાર થાય છે. ડેપો કક્ષાએથી શહેરી બસ સેવાને અનુલક્ષીને પ્રતિદિન ૯૦ બસોનુ સંચાલન કરવામાં આવે છે. જેમાં પોઈન્ટ બસ સેવાનો પણ સમાવેશ થાય છે. શહેરી બસ સેવા અન્વયે ડેપોને પ્રતિદિન રૂ ૫.૫૦ લાખની આવક થાય છે. પરંતુ ગાંધીનગર જિલ્લાના ઘણાંખરા ગામોને હજુ ડેપોની બસ સેવાનો લાભ મળતો નથી. આ ઉપરાંત કડી કલોલ રૂટમાં પણ મુસાફરોની સંખ્યા સામે પુરતી બસ સેવા મળતી ન હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. આ ઉપરાંત લગ્નવર્ધિ સહીત તહેવારે તેમજ સરકારી કાર્યક્રમો માટે પણ અવારનવાર બસો ફાળવવામાં આવે છે જયારે આ દરમિયાન પણ શહેરી બસ સેવા સહીતના રૂટો પ્રભાવિત થાય છે. જેને અનુલક્ષીને ડેપો કક્ષાએથી જરૂરી આયોજન કરવામાં આવે તે પણ અનિવાર્ય હોવાનો સુર પ્રબળ બન્યો છે.

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા પ્રતિદિન શહેરી બસ સેવાના રૂટમાં ૯૦ બસોનુ સંચાલન કરવામાં આવે છે. જયારે આ માટે ડેપો કક્ષાએથી ૭૫૦ ટ્રીપો દોડાવામાં આવે છે. જયારે રોજ ૨૦ હજાર જેટલા મુસાફરો આ શહેરી બસ સેવાનો લાભ લે છે. જેમાં કર્મચારીઓ માટે દોડતી પોઈન્ટની બસ સેવાનો પણ સમાવેશ થાય છે. ગાંધીનગર એસ ટી ડેપો કક્ષાએથી સરકારી કાર્યક્રમો તેમજ લગ્નવર્ધિ ઉપરાંત તહેવારોના દિવસોમાં પણ એસ ટી ની સલામત સવારી દોડવામાં આવે છે. જયારે છેલ્લા કેટલાક સમયથી લગ્નવર્ધિ માટે પણ એસ ટી બસ સેવાનો વિશેષ ઉપયોગ થાય છે. ત્યારે એસ ટી ડેપોની આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. છેલ્લા બે વર્ષથી કોરોના કાળમાં એસ ટી ની સલામત સવારીના પૈડાની રફતાર ઘટી ગઈ હતી. અલબત્ત ઘણાં સમય સુધી એસ ટી બસના પૈડા પણ થંભી ગયા હતા. જયારે છેલ્લા ચાર પાંચ મહીનાથી એસ ટી બસના પૈડા ટ્રેક પર દોડતા થઈ ગયા છે. જેના લીધે ગાંધીનગર ડેપોની આવક પણ વધી છે. ગાંધીનગર ડેપો દ્વારા હાલ શહેરી બસ સેવાને અનુલક્ષી પ્રતિદિન ૭૫૦ ટ્રીપોનુ સંચાલન કરવામાં આવી રહ્યુ છે. જયારે ડેપોમાંથી રોજ ૨૦ હજાર જેટલા મુસાફરો આ સેવાનો લાભ લઈ રહ્યા છે.

એસ ટી ડેપાને પ્રતિદિન રૂ ૫.૫૦ લાખની આવક પણ થાય છે. પરંતુ હાલ શહેરી બસ સેવાના સંચાલની સાથે હજુ ડેપોએ કેટલાક જરૂરી રૂટમાં બસોનુ સંચાલન કરવાની અનિવાર્યતા છે. ગાંધીનગર શહેર આસપાસના ગામોમાં પણ હજુ એસ ટી ની સલામત સવારી નસીબ ન થતી હોવાનો આક્રોશ નાગરિકો ઠાલવી રહ્યા છે. જયારે કલોલ કડીના રૂટમાં પણ બસ સેવાનો અભાવ હોવાનો સુર પણ મુસાફરો ઉઠાવી રહ્યા છે. આ સ્થિતિને ધ્યાને લઈ એસ ટી ડેપોએ મુસાફરોની માંગણીને ધ્યાને લઈ નવા રૂટોની બસ શરૂ કરવાની પણ માંગણી ઉઠવા પામી છે. ગાંધીનગર ડેપો કક્ષાએથી જિલ્લાના વિવિધ વિસ્તારને જોડતી બસ સેવા શરૂ કરવા માટે પણ અગાઉ પ્રબળ માંગ કરવામાં આવી હતી ગાંધીનગર ડેપો કક્ષાએથી વિવિધ તહેવારો તેમજ ધાર્મિક ઉત્સવો, ચુંટણી અને લગ્ન વર્ધિ માટે પણ બસો ફાળવવામાં આવે છે. જયારે વર્ષ દરમિયાન આ સમયગાળામાં મુસાફરોને શહેરી બસ ઉપરાંત અન્ય રૂટોની બસ સેવા મળતી નથી. અન્ય સેવા માટે બસો ફાળવવામાં આવતા શહેરી બસ સેવા પ્રભાવિત થાય છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી આ મુજબના રૂટમાં વધુ બસો દોડવાય તે પણ અનિવાર્ય છે. શહેરી બસ સેવાનો વ્યાપ વધારવામાં આવે તેમજ ડેપોમાંથી મુસાફરોની જરૂરિયાતને ધ્યાનમાં રાખી માંગણી મુજબના રૂટમાં બસો દોડાવાય તે મામલે પણ અભ્યાસ કરવો અનિવાર્ય છે.



ગાંધીનગર ખાતેના વન પ્રસારણ વિભાગના વન સંસ્કરણ કાર્યક્રમ અંતર્ગત નાટ્યમંચ, ફિલ્મ-ટીવી મિડીયાના કલાકારો માટે નળસરોવર અભ્યારણની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નિવૃત નાયબ વન સંરક્ષક પ્રતાપસિંહ ડાબીએ જળપ્લાવિત વિસ્તારોના સંરક્ષણ સહિત વિવિધ મુદ્દે માહિતી આપી હતી.

# સેક્ટર-૪ ખાતે કાનુની જાગૃતિ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સ્થિત સેક્ટર-૪ તથા વિહાન સોચ પ્લસ એન.પી.સિવિલ હોસ્પિટલ ખાતે પી.એલ.વી. જિગિષાબેન ઉપાધ્યાય તથા વિમળાબેન અયાચી દ્વારા કાનૂની અવેરનેસ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ શિબિરમાં ઉમિયા મંડળ નીતાબેન પટેલ આયોજક, રીટાબા વાઘેલા, દિપીકાબેન, વિષ્ણુબા વાઘલા વગેરે સહયોગી બન્યા હતા ત્યારે બીજી કાનૂની શિક્ષણ શિબિરમાં અવેરનેસ કાર્યક્રમ અંતર્ગત વિમળાબેન અયાચી, પી.એલ.વી.એ એચ.આઈ.વી. તથા વિવિધ મૂળભૂત અધિકારો, એચ.આઈ.વી. અસરગ્રસ્તો માટે રોકથામ અંગે વિસ્તૃત સમજણ આપી હતી. આ શિબિરમાં ૫૦ મહિલા લાભાર્થીઓએ ભાગ લીધો હતો.

# વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ પૂર્વે દુબઈમાં રોડ-શો માં ૧૯ જેટલા એમ.ઓ.યુ. થયા

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ના રોડ-શો અને વન-ટુ-વન બેઠક માટે ગુજરાત ડેલિગેશન સાથે દુબઈની દ્વિ-દિવસીય મુલાકાતે છે.

મુખ્યમંત્રીની આ મુલાકાત દુબઈના ઉદ્યોગ રોકાણકારો માટે ગુજરાતમાં વિવિધ ક્ષેત્રે રોકાણોની ઉત્સુકતા માટેની એક મહત્વપૂર્ણ ઈવેન્ટ બની ગઈ છે.

ભૂપેન્દ્ર પટેલના દુબઈ પ્રવાસના પ્રથમ દિવસે બુધવારે યોજાયેલા રોડ-શો અને દિવસ દરમ્યાન દુબઈના અગ્રણી ઉદ્યોગ-વેપાર સંચાલકો સાથેની વન-ટુ-વન બેઠક પણ અત્યંત ફળદાયી રહ્યા છે.

દુબઈના ૧૯ જેટલા ઉદ્યોગ-રોકાણકારોએ ગુજરાતમાં પોતાના વ્યવસાય-કારોબાર અને ઉદ્યોગોની સ્થાપના માટે આ રોડ-શો દરમ્યાન મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં ગુજરાત સાથે ગિફ્ટ સિટીમાં પ્રોજેક્ટ્સ રોકાણો સહિત વિવિધ સેકટર્સમાં રોકાણો માટે રૈં કર્યા હતા.

દુબઈનું પ્રતિષ્ઠિત શરાફ ગૃપ ગુજરાતમાં લોજિસ્ટીક્સ પાર્ક




સ્થાપવાનું છે તે માટેના રૈં તેમણે ગુજરાત સરકાર સાથે કર્યા હતા.

આ ઉપરાંત અલ્ફનાર ગૃપની નેત્રા વિન્ડ પ્રાયવેટ લિમિટેડ દ્વારા ૩૦૦ મેગાવોટના વીન્ડ પાવર પ્રોજેક્ટ, સ્માર્ટ ગ્રીડ પ્રોજેક્ટ અને ટ્રાન્સમીશન પ્રોજેક્ટસમાં રોકાણ અંગેના રૈં થયા હતા.

ગુજરાતમાં અન્ય જે પ્રોજેક્ટસમાં રોકાણો માટે દુબઈના રોકાણકારો-ઉદ્યોગ સંચાલકોએ રસ દાખવ્યો છે તેમાં ઈન્ટીગ્રેટેડ સ્ટિલ પ્લાન્ટ, હજિરામાં ગ્રીન સિમેન્ટ ઉત્પાદન, ગિફ્ટ સિટીમાં વેલ્યુટિંગ સર્વિસીસ અને સ્ટોક બ્રોકીંગ સર્વિસીસ, ભાવનગર પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર તેમજ ધોલેરા જૈંઈમાં રોકાણો, ચાંચ પેલેસ રિસોર્ટ ડેવલપમેન્ટ, નાઈટ્રીક એસિડ બેઈઝ્ડ ડેરિવેટીવ્ઝ, પ્રેશિયસ મેટલ્સ રિફાઈનીંગ એન્ડ ટ્રેડિંગ, કન્સલટન્સી સર્વિસીસ તથા શોપિંગ મોલ-હાયપર માર્કેટ અંગે, કેપિટલ માર્કેટ એક્ટીવિટીઝ માટે કોર્પોરેટ હાઉસ અને ત્રણ રૈં મલ્ટીપલ પ્રોજેક્ટસ માટેના થયા છે.

ગુજરાત સાથે જે રૈં થયા છે તેમાં મુખ્યત્વે શરાફ ગૃપ, અલ્ફનાર ગૃપ, લુલુ ગૃપ, ટ્રાન્સવર્લ્ડ, કોનારેસ ગૃપ, નરોલા ગૃપ ઈન્ટરનેશનલ જેવા પ્રતિષ્ઠિત ઉદ્યોગ-વેપાર અગ્રણી સહિતના વિવિધ રોકાણકારોનો સમાવેશ થાય છે.

## સેક્ટર-૨૫ માંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર,તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ સુર્યનારાયણ સોસાયટી પ્લોટ નં. ૩૮-૨ ખાતે રહેતા અલ્પેશકુમાર લલ્લુભાઈ ડોડીયા કલોલ ખાતે સ્વામીનારાયણ કોલેજ ખાતે પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. તે નોકરી આવનજાવન માટે બાઈકનો ઉપયોગ કરે છે. ત્યારે ગત તા.૬ ના રોજ સાંજના ૭ વાગ્યાના અરસામાં તેઓએ ઘર પાસેના કોમન પ્લોટમાં લીમડાના ઝાડ પાસે બાઈક પાર્ક કર્યુ હતું.

જયારે રાત્રીના ૧૦ વાગે બાઈક ન દેખાતા તપાસ કરી હતી. સેકટરના આસપાસ વિસ્તારમાં તેઓએ શોધખોળ આદરી હતી.પરંતુ ન મળી આવતા આખરે અલ્પેશભાઈએ સેકટર-૨૧ પોલીસ મથકે રૂ.૧૨ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ખાત્રજ ચોકડી પાસેથી કપાસ અને રોકડની લૂંટ ચલાવી ભાગી છુટેલ આરોપીઓ મુદ્દામાલ સાથે પકડાયા

ગાંધીનગર, તા. ૯

આજથી સાત દિવસ ઉપર સાંતેજ પોલીસ મથકની હદમાંથી કપાસ (રૂ) નો કાચો માલ ભરેલા આઈશરને રોકી ડ્રાઈવરનું અપહરણ કરીને આઈશર ટ્રક અને માલ સહિત રૂ.૧૮,૬૪,૦૦૦ની લુંટ કરનાર ત્રણ શખ્સોને લુંટમાં વપરાયેલી કાર સાથે ડાભલા ચોકડીથી થોળ તરફ જતા માર્ગ પરથી પકડી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રૂ.૨,૩૨,૦૦૦, મોબાઈલ ફોન તેમજ કાર મળીને કુલ રૂ.૩,૮૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. તો બીજીતરફ લુંટીને લઈ ગયેલા આઈસર કિં.૧૨ લાખ બિનવારસી મળી આવતા પોલીસે કુલ રૂ.૧૫,૮૫,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી લુંટના ગુનાનો ભેદ એલસીબી પોલીસે ઉકેલી દીધો છે.

ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ સુચના અને માર્ગદર્શન આપતા એલસીબી પીઆઈ એચ.પી.ઝાલના ટીમના સભ્યોએ લુંટના ગુનાનો ભેદ ઉકેલી દેવા કવાયત હાથ ધરી હતી. ત્યારે ચાણસ્મા પાસેથી ટ્રક બિનવારસી મળી આવી હતી. પોલીસને બાતમી મળી હતી કે દશ દિવસ પહેલા કપાસ ભરેલી આઈસર ટ્રકની લુંટ થઈ હતી તે ગુનો મહેસાણા ખાતે રહેતા ભરત બાબુભાઈ પટેલ અને તેના સાગરીતોએ આચરેલ છે. હાલના સમયે ત્રણેય નિશાન કલરની લાલ કલરની સન્ની ગાડી જી.જ.૦૧.આર.બી.-૫૧૧૬ સાથે ખાત્રજ ચોકડી થી વડસર તરફ જતા માર્ગ પર ઉભેલા છે. માહિતીને પગલે પોલીસે સ્થળ પર થી ત્રણેય આરોપીઓ ભરત બાબુલાલ પટેલ (રહે. ડી.૨૦ નવદીપ ફલેટ મોઢેરા રોડ મહેસાણા), લાલાભાઈ હમીરભાઈ ભરવાડ (રહે. મેલડી નગર ભરવાડ વાસ વિરમગામ), સાજન બાબુભાઈ ભરવાડ (રહે. ભરવાડ વાસ હાંસલપુર તા.વિરમગામ જી.અમદાવાદ) ને શંકાસ્પદ હાલતમાં પકડી પાડ્યા હતા. પોલીસે આરોપીઓની અંગજડતી લેતા ત્રણેય પાસેથી રોકડા રૂ.૨.૩૨લાખ અને રૂ.૫૩ હજારથી વધુની કિંમતના ચાર મોબાઈલ ફોન મળી આવ્યા હતા. પોલીસે આરોપીઓની પુછપરછ કરતા તેઓએ જણાવ્યું કે આજથી આશરે ૮ કે ૯ દિવસ અગાઉ કાર લઈ તેઓ બરોડા એકસપ્રેસ હાઈ વે પર ગયા હતા. ત્યાંથી એક કપાસ ભરેલી ગાડીનો પીછો કર્યો હતો. આઈશર ગાડીને સાંતેજ વિસ્તારમાં ડાભલા ચોકડી થી આગળ થોળ જતા માર્ગ પર ઓવરટેક કરી ઉભી રખાવી હતી. પોલીસ તરીકેની ઓળખ આપી ડ્રાઈવરને ગાડીમાં બેસાડી કડીથી વિરમગામ જતા માર્ગ પર કેનાલ ઉપર છોડી દીધો હતો. જયારે આઈશરમાં ભરેલુ કપાસ બીજા વાહનોમાં ટ્રાસન્ફર કરી મહેસાણા વિસનગર માર્ગ પર આવેલા શીવમ જીનીગ મીલમાં રૂ.૫.૪૦ લાખમાં વેચી માર્યુ હતું. રૂના વેચાણ બાદ મળેલા રૂપીયા તેઓએ ભાગ પાડી દીધા હતા. પોલીસે આરોપીઓની અંગજડતીમાંથી રૂ.૨.૩૨ લાખ, ૫૩ હજારના ૪ મોબાઈલ ફોન તેમજ રૂ.૧ લાખની સન્ની ગાડી મળી કુલ રૂ.૩.૮૫ લાખ કબ્જે કરાયા છે જયારે લુંટમાં ગયેલી રૂ.૧૨લાખની આઈશર ટ્રક મળી કુલ રૂ.૧૫.૮૫ લાખ મુદ્દામાલ રીકવર કરીને તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નિવા બુપા હેલ્થ ઈન્સ્યોરન્સની પ્રાદેશિક વિસ્તરણના ભાગરૂપે ગાંધીનગરમાં એન્ટ્રી

### આગામી પાંચ વર્ષમાં શહેરમાં આશરે ૧૬,૦૦૦ લોકોને આરોગ્ય કવચ પ્રદાન કરવાની યોજના

ગાંધીનગર, તા. ૯

ભારતના અગ્રણી સ્ટેન્ડઅલોન હેલ્થ ઈન્સ્યોરન્સ ખેલાડીઓ પૈકીની નિવા બુપા હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રાઈવેટ લિમિટેડ (અગાઉ મેક્સ બુપા હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતી)-એ તેની વૃદ્ધિના આગામી તબક્કાના ભાગ રૂપે, ગાંધીનગરમાં તેના પ્રવેશની જાહેરાત કરી. નિવા બુપા ગાંધીનગરમાં તેની કામગીરી શરૂ કરી રહી છે જેનો હેતુ આગામી પાંચ વર્ષમાં આશરે ૧૬,૦૦૦ લોકોને હેલ્થ કવરેજ આપવાનો છે. નિવા બુપા ૩૫૦ શહેરોમાં હાજરી સાથે મજબૂત વિકાસ યાત્રા પર છે અને તાજેતરમાં જ સમગ્ર દેશમાં ૧૦૦ ઓફિસો ખોલવામાં આવી છે. વર્તમાન નાણાકીય વર્ષમાં, કંપનીએ દર ૩.૫ દિવસમાં ૧ ઓફિસ ખોલી છે અને નાણાકીય વર્ષ ૨૪ સુધીમાં ૬૦૦ શહેરોને આવરી લેવાનું લક્ષ્ય રાખ્યું છે.

આ વિસ્તરણ સાથે, નિવા બુપાએ ગાંધીનગરમાં આગામી પાંચ વર્ષમાં રૂ. ૧૫ કરોડના લેખિત પ્રીમિયમ અને પોલિસી ખરીદીમાં ૧૦ ગણો વધારો કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. કંપની શહેરમાં લોકો માટે વ્યવસાયની તકો પણ લાવશે કારણ કે તે નાણાકીય વર્ષ ૨૫-૨૬ સુધીમાં લગભગ ૧,૨૦૦ એજન્ટોને ઓનબોર્ડ કરવાની યોજના ધરાવે છે. કંપની પર્યાપ્ત તાલીમ કાર્યક્રમો પ્રદાન કરશે અને શહેરમાં રહેતી મહિલાઓ અને ગૃહિણીઓને વીમા એજન્ટ બનવા માટે પ્રોત્સાહિત કરશે, જેનાથી તેમને આર્થિક રીતે સ્વતંત્ર બનવામાં મદદ મળશે.

ગાંધીનગરમાં, નિવા બુપાના ગ્રાહકો દેશભરમાં ૬ નેટવર્ક હોસ્પિટલો અને ૭૯૦૦ હોસ્પિટલો દ્વારા કેશલેસ હોસ્પિટલમાં દાખલ થવાનો લાભ લઈ શકે છે. આ લોન્ચિંગની સાથે, કંપની હવે અમદાવાદ, અંકલેશ્વર, હિંમત નગર, જામનગર, જૂનાગઢ, મહેસાણા, રાજકોટ, સુરત, વડોદરા, ભાવનગર, મોડાસા, આણંદ, ગાંધીધામ, વાપી અને મોરબી સહિત ગુજરાતના ૧૬ બજારોમાં હાજરી ધરાવે છે.

## આજે ગુજરાત સાયન્સ સિટી ખાતે નોબેલ પુરસ્કાર દિવસ ઉજવાશે

આ વર્ષે ૧૦ વિજેતાઓને નોબેલ પુરસ્કારથી સમ્માનિત કરવામાં આવશે, જેમાં કેમેસ્ટ્રી, શાંતિ અને મેડિસિનના ક્ષેત્રોમાં દરેકના બે વિજેતાઓ છે.જ્યારે ફિઝીકસમાં ત્રણ અને સાહિત્ય ક્ષેત્રે એક વિજેતા રહેશે. ઈન્સ્ટીટ્યુટ ઓફ એડ્વાન્સ રિસર્ચના ડો. બુધીસાગર તિવારી, ઈંડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજીના ડૉ. વિમલ મિશ્રા તથા ઈંડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એડ્યુકેશનના ડો. હેમાંગ પ્રજાપતિ શ્રોતાઓને નોબેલ પરિતોષિક વિજેતાઓ વિષે માહિતગાર કરશે. કાર્યક્રમમાં આલ્ફ્રેડ નોબેલના જીવનને પ્રકાશિત કરતી ફિલ્મ અને પુરસ્કારના હેતુની જાણકારી અપાશે. સાયન્સ સિટીના ઓડિટોરિયમ-૧ ખાતે સાંજે સ્વીડનમાં યોજાનાર નોબેલ પરિતોષિક વિતરણનું ગુજકોસ્ટ યુટ્યુબ ચેનલ પર જીવંત પ્રસારણ કરવામાં આવશે. સાયન્સ સિટી અને ગુજકોસ્ટ દ્વારા નોબેલ પરિતોષિક અંતર્ગત સમીક્ષા, નોબેલ પુરસ્કાર સંશોધન પર જુથ ચર્ચા, નોબેલ પ્રાઈઝ ફિલ્મ સ્ક્રિનિંગ, માર્ગદર્શક સાથે થીમ પેવેલિયનનો પ્રવાસ, ટેલિસ્કોપ દ્વારા આકાશદર્શન જેવા વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## વોઈસ રેકોર્ડર... ● પહેલા પાનાનું ચાલુ

રાજનાથે સંસદને કહ્યું હતું કે, બુધવારે સવારે હેલિકોપ્ટરે ૧૧.૪૮ કલાકે સુલુર એરબેઝ પરથી ઉડાન ભરી હતી. ૧૨.૧૫ કલાકે તે વેલિંગ્ટન મિલિટરી કોલેજમાં લેન્ડ થવાનું હતું. જોકે, સુલુર એરબેઝના ટ્રાફિક કંટ્રોલર સાથેનો સંપર્ક ૧૨.૦૮ કલાકે કપાઈ ગયો હતો. તે જ વખતે કુન્નુર પાસે જંગલમાં કેટલાક સ્થાનિકોએ આગની જ્વાળાઓ જોઈ હતી. જ્યારે તેઓ ભાગીને તે સ્થળે પહોંચ્યા ત્યારે તેમને એક મિલિટરી હેલિકોપ્ટર આગની જ્વાળાઓમાં લપેટાયેલું જોવા મળ્યું હતું. સ્થાનિક તંત્ર દ્વારા એક રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. તેમણે ક્રેશ સાઈટ પરથી ઘાયલ લોકોને બચાવવા માટે પણ પ્રયાસ કર્યો હતો. હેલિકોપ્ટરના અવશેષોમાંથી જેટલા પણ લોકોને કાઢી શકાયા તે તમામને વેલિંગ્ટન મિલિટરી હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા.

હેલિકોપ્ટરમાં કુલ ૧૪ લોકો સવાર હતા, જેમાંથી ૧૩ લોકોના મોત થયા હતા. જેમના મોત થયા તેમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત, તેમના પત્ની મધુલિકા રાવત, તેમના રક્ષા સલાહકાર બ્રિગેડિયર લખવિન્દર સિંઘ લિડ્ડર, લે. કર્નલ હરજિન્દર સિંઘ ઉપરાંત એરફોર્સ હેલિકોપ્ટરમાં આર્મ્ડ ફોર્સિસના અન્ય નવ લોકોનો પણ સમાવેશ થાય છે. અન્ય મૃતકોમાં વિંગ કમાન્ડર પૃથ્વીસિંહ ચૌહાણ, સ્કવોર્ડન લીડર કુલદીપ સિંઘ, જુનિયર ઓફિસર રાણા પ્રતાપ દાસ, આરક્કલ પ્રદીપ, હરવિંદર સતપાલ રાય, નાયક ગુરુસેવક સિંઘ, નાયક જિતેન્દ્ર કુમાર, લાન્સ નાયક વિવેક કુમાર અને પી. સાઈ તેજા સામેલ છે.

આ દુર્ઘટનામાં જીવીત બચી જનારા ગ્રુપ કેપ્ટન વરુણ સિંઘ હાલ વેલિંગ્ટન મિલિટરી હોસ્પિટલમાં લાઈફ સપોર્ટ સિસ્ટમ પર છે. તેમને બચાવવાની દરેક સંભવ કોશીશ કરવામાં આવી રહી હોવાનું પણ રાજનાથ સિંહે સંસદને જણાવ્યું હતું. આ ઉપરાંત, તમામ મૃતકોને આજે એરફોર્સના પ્લેનમાં દિલ્હી લવાશે અને જનરલ રાવતના સંપૂર્ણ મિલિટરી સમ્માન સાથે અંતિમ સંસ્કાર કરાશે તેવી માહિતી પણ તેમણે આપી હતી. એરચીફ માર્શલ વી.આર. ચૌધરીને દુર્ઘટનાની માહિતી મળતા જ તમિલનાડુ રવાના કરવામાં આવ્યા હતા. તેમણે ઘટનાસ્થળ અને વેલિંગ્ટન હોસ્પિટલ જઈને સ્થિતિનો તકાજો મેળવ્યો હતો.

તમિલનાડુમાં ગઈકાલે ક્રેશ થયેલા જનરલ બિપિન રાવતના હેલિકોપ્ટરનું બ્લેક બોક્સ એરફોર્સના અધિકારીઓએ શોધી કાઢ્યું છે. આ જ હેલિકોપ્ટરમાં બિપિન રાવત અને તેમના પત્ની સહિત ૧૩ લોકોના મોત થયા હતા, જ્યારે રેસ્ક્યુ કરાયેલા એરફોર્સના એક અધિકારી મિલિટરી હોસ્પિટલમાં લાઈફ સપોર્ટ સિસ્ટમ પર રાખવામાં આવ્યા છે. એમઆઈ-૧૭વીપનાં ફલાઈટ ડેટા રેકોર્ડર અને કોકપિટ વોઈસ રેકોર્ડર આજે ક્રેશ સાઈટ પાસેથી મળી આવ્યા હતા. એક અધિકારીના જણાવ્યા અનુસાર, બ્લેક બોક્સ ક્રેશ સાઈટથી ૩૦૦ મીટર દૂર સર્ચ દરમિયાન મળી આવ્યું હતું. બ્લેક બોક્સ દ્વારા જ હેલિકોપ્ટર ક્રેશ થયું તે પહેલા શું બન્યું હતું તેનો તમામ ડેટા મેળવી શકાશે.

ઉલ્લેખનીય છે કે, જંગલ વિસ્તારમાં બનેલી આ દુર્ઘટના માટે ખરાબ હવામાનને જવાબદાર ઠેરવવામાં આવી રહ્યું છે. તે સમયે બપોરે પણ એટલું બધું ધુમ્મસ હતું કે વિઝિબિલિટી સાવ ડાઉન થઈ ગઈ હતી. હેલિકોપ્ટર ક્રેશ થયું તે પહેલાનો એક વિડીયો પણ સામે આવ્યો છે, જેમાં હેલિકોપ્ટર ચોતરફથી ધુમ્મસથી ઘેરાયેલું જોઈ શકાય છે.

## પરિવારોની મૂંઝવણ... ● છેલ્લા પાનાનું ચાલુ

હોવાના લીધે સેકટરોમાં નજર નાંખો ત્યાં લગ્ન મહોત્સવને અનુલક્ષી જમણવાર કે રાસ ગરબા સહીતના કાર્યક્રમો થઈ રહ્યા છે. આ દરમિયાન કોવિડની ગાઈડલાઈનનો યોગ્ય અમલ થાય તે પણ અનિવાર્ય છે. લગ્ન સમારંભોને અગાઉ મોસમનુ ગ્રહણ લાગ્યુ હતુ બદલાતા વાતાવરણના લીધે સુસવાટા મારતા ઠંડા પવન અને વરસાદી છાંટણા લગ્નના કે અન્ય કાર્યક્રમોના આયોજકો માટે મુસીબતનુ કારણ બન્યા હતુ જયારે હાલ કોરોનાનુ વધતુ સંક્રમણ પણ લગ્ન મહોત્સવના આયોજકો માટે મુંઝવણનુ કારણ બન્યુ છે. રાજયમાં રોજબરોજ હવે કોવિડના કેસની સંખ્યા વધી રહી છે. ત્યારે સરકારે હજુ નિયંત્રણો માટે પણ કડક વલણ અપનાવ્યુ નથી રાજકીય પક્ષો , સરકાર અને સામાજિક ધોરણે કોવિડના મામલે હવે વધુ સજાગ થવાની અનિવાર્યતા હોવાનો સુર પણ પ્રબુધ્ધ નાગરિકોએ ઉઠાવ્યો છે. કોવિડના નવા વેરિયન્ટનો કહેર અચાનક વધી જતા સરકાર પણ ચિંતામાં મુકાઈ છે લગ્નના આયોજકોની મુંઝવણ પણ વધી છે. ત્યારે આવનારા દિવસોમાં કોરોનાનુ સંક્રમણ કાબુમાં લેતા અટકાવવા માટે અત્યારથી જ તકેદારીના પગલા લેવાય તે અનિવાર્ય છે.